iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક - ૮૯ : જુલાઈ – સપ્ટેમ્બર ૨૦૨૪


## તંત્રીસ્થાનેથી . . .


### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રીતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ
૯. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા


**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન કિડનીના ક્ષેત્રમાં છેલ્લા ૨૨ વર્ષથી સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્ય કરતી એકમાત્ર સંસ્થા છે જે રાજ્યના દરેક વિસ્તારમા પહોંચીને સમાજના લોકોને કિડની, ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવા રોગો વિષે જાગૃત કરીને સ્વસ્થ જીવન જીવવા માટેનું માર્ગદર્શન આપવાનું મહત્વનું કાર્ય કરે છે.

સંસ્થાની આ પ્રવૃતિને વધુ અર્થપૂર્ણ બનાવવા માટે અમે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં અમારા દરેક ચેપ્ટરમાં ફાળવેલ વાનના ઉપયોગથી નિયમિત બ્લડપ્રેશર અને ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરી રહ્યા છીએ. આ કેમ્પમાં ભાગ લેતા ગ્રામીણ વિસ્તારના લોકોને બીપી અને ડાયાબિટીસ જેવા અસાધ્ય રોગની પૂરેપરી સમજ અને માર્ગદર્શન આપીને તેની સારવારનું મહત્વ સમજાવવામાં આવે છે. આ કાર્ય માટે અમને ગ્રામ પંચાયતો અને ગ્રામજનો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

૧૩ ઓગસ્ટનો દિવસ ભારતમાં 'વિશ્વ અંગદાન' દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ કેડેવરિક અંગદાન (મગજના મૃત્યુ બાદ) વિષે સમાજમાં લોકોને જાગૃત કરવાનો છે આપ સૌ જાણો છો એમ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૦૬ થી 'જીવનદાન' કાર્યક્રમ હેઠળ કેડેવરિક અંગદાન માટે લોકજાગૃતિ લાવવાનું કાર્ય થઈ રહ્યું છે જે અંતર્ગત આ દિવસે દરેક ચેપ્ટર ખાતે અંગદાન જાગૃતિ સેમિનાર, ચિત્ર સ્પર્ધા, રેલી, નાટક અને રોડ શો જેવી વિવિધ પ્રવૃતિઓ દ્વારા કેડેવરિક અંગદાનને પ્રોત્સાહિત કરવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અમારા નિયમિત રીતે આયોજિત થતાં કિડની જાગૃતિ કાર્યક્રમોમાં પણ કેડેવરિક અંગદાનની વિસ્તૃત માહિતી આપીને શ્રોતાઓને અંગદાન કરવા માટેનો સંકલ્પ કરાવવામાં આવે છે.

સંસ્થાના 'સેવ અ લાઈફ' કાર્યક્રમ થકી અમે કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર લેવા માટે મદદરૂપ થઈ રહ્યા છીએ અને આ કાર્ય માટે અમને સમાજના સેવાભાવી લોકો તરફથી પણ ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે અમારી વડોદરા શહેરની સ્થાનિક સલાહકાર સમિતિના સેવાભાવી અને સક્રિય સભ્ય શ્રી રોહિતભાઈ પરીખની ઉમદા પહેલથી ૧૯મી સપ્ટેમ્બરના રોજ સ્ટેજ એન્ટ્રી મ્યુઝિકલ ગ્રુપ દ્વારા ચેરિટિ મ્યુઝિક શો નું આયોજન કરવામાં આવ્યું હતું અને આ શો દ્વારા સંસ્થાને રૂ. ૧,૫૦,૦૦૦/– જેટલી માતબર રકમનું દાન પ્રાપ્ત થયું હતું. તે માટે હું શ્રી રોહિતભાઈ પરીખ અને સ્ટેજ એન્ટ્રી મ્યુઝિકલ ગ્રુપના સંચાલક શ્રી મુકેશભાઈ જોશી, શ્રી રાજેશભાઈ પંડયા, ગ્રુપના સેવાભાવી સભ્યો તેમજ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માંનું છુ.

સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા આ સેવારૂપી યજ્ઞમાં જે શુભચિંતકો, દાતાશ્રીઓ, પ્રયોજકો અને સ્વયંસેવકોએ નિઃ સ્વાર્થ ભાવે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે તે બદલ હું સંસ્થા વતી દરેકનો આભાર વ્યક્ત કરું છું.

આ સાથે મારી સંવેદના વ્યક્ત કરતાં ખૂબ જ દુ:ખ સાથે જણાવવાનું કે અમારી વડોદરા શહેરની સલાહકાર સમિતિના સભ્ય અને સેવાભાવિ વ્યકિત શ્રી જાલ પટેલ ૨૧ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ દેવલોક પામ્યા છે સંસ્થાની શરૂઆતથી તેઓ અમારી સાથે જોડાયેલ હતા ઈશ્વર એમની આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

આપ સૌને દિપાવલીના શુભ પર્વની અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોક પરીખ

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

# જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક



ધોળકા એજ્યુકેશન  ટ્રસ્ટ, ધોળકા, અમદાવાદ



સરસ્વતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ગાંધીનગર



બી.આઈ.એમ.એસ., વડોદરા



નાગસેનનગર, પાંડેસરા, સુરત




કોટક સ્કૂલ, રાજકોટ



ગામ–અમુધ, તા. ઊંઝા,જી.– મહેસાણા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ.પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ  ચેપ્ટર

૧. શ્રી પ્રવીણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગીરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડયા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




આર.સી ટેકનિકલ કોલેજ, અમદાવાદ




ગામ–ગણેશપુરા, તા. કડી, જી. મહેસાણા



સિધ્ધાર્થ નગર, બાટલીબોય, સુરત



ઉનપાટિયા વિસ્તાર, સુરત



ડાયમંડ ઓફિસ, ભાવનગર




રોલેક્સ રિંગ્સ લિમિટેડ, રાજકોટ

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ પટેલ
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# વિશ્વ અંગદાન દિવસ

જ્યારે અંગદાનની વાત હોય ત્યારે મોટાભાગના લોકો સામાન્ય અથવા કુદરતી મૃત્યુ પછી થતું અંગદાન સમજતા હોય છે વાસ્તવમાં કુદરતી મૃત્યુ પછી મનુષ્યના શરીરના કોઈપણ અંગ કોઈ જરૂરિયાતમંદ પીડિત દર્દીના શરીરમાં પ્રત્યારોપીત કરી શકાતા નથી સિવાય કે આંખો જયારે કિડની, લીવર જેવા મહત્વના અંગોનું દાન ફક્ત મગજથી મૃત (Brain Dead) વ્યક્તિ જ કરી શકે છે અને આ પ્રકારની માહિતીથી મોટા ભાગના લોકો અજાણ હોય છે અને તેના જ કારણે મગજના મૃત્યુ બાદ થતાં અંગદાનનું પ્રમાણ આપણા દેશમાં બહુ ઓછું જોવા મળે છે.

## મગજનું મૃત્યુ એટલે શું?

મગજનું મૃત્યુ એટલે કોઈ કારણસર મગજને ગંભીર ઇજા અને રક્તસ્રાવ થવાથી શરીરમાં એવી સ્થિતિ ઊભી થાય છે કે જેમાં મગજની બધી જ કાર્યશક્તિઓ બંધ થઈ જતી હોય છે અને તે ફરી પુનઃપ્રાપ્ત થવાની કોઈ સંભાવના હોતી નથી તેના કારણે વ્યક્તિ પોતાનું જીવન ટકાવી શકતી નથી, પરંતુ કૃત્રિમ સપોર્ટ સિસ્ટમ(વેન્ટીલેટર મશીન) દ્વારા શરીરના મહત્વપૂર્ણ કાર્યો જેવા કે લોહીનું પરિભ્રમણ, શ્વસનપ્રક્રિયા જાળવી શકાય છે. જેનાથી સંભવિત અંગદાન માટે મહત્વપૂર્ણ અવયવોમાં લોહી પરિભ્રમણ લાંબા સમય સુધી જળવાઈ રહે છે. જે વ્યક્તિ બ્રેઈન ડેડ છે તે ક્યારેય જીવિત થઈ શકતો નથી.

સમાજમાં કેડેવરિક અંગદાન (મગજના મૃત્યુબાદ થતુ અંગદાન) વિષે જાગૃતતા આવે તે માટે ૧૩ ઓગસ્ટનો દિવસ ભારત દેશમાં 'વિશ્વ અંગદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે અને તેના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

### અમદાવાદ

વિશ્વ અંગદાન દિવસ ૨૦૨૪ નિમિત્તે સંસ્થા દ્વારા ગવર્મેન્ટ પોલીટેકનિક ફોર ગર્લ્સ કોલેજ, નવરંગપુરા ખાતે વિદ્યાર્થીઓને કેડેવરિક અંગદાન વિષે માહિતગાર કરવા માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વક્તા તરીકે ખ્યાતનામ તબીબી ડો. જીગર શ્રીમાળી (નેફ્રોલોજિસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કેડેવરિક ઓર્ગન ડોનેશન વિશે વિસ્તૃત માહિતી શ્રોતાઓને આપી હતી તેમજ દરેકને અંગદાન કરવાનો સંકલ્પ કરાવ્યો હતો.

આ ઉપરાંત વિશ્વ અંગદાન દિવસ ૨૦૨૪ ને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ભારતીય વિદ્યા ભવન્સ શેઠ આર.એ કોલેજ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે કિડની રોગ અને કેડેવરિક અંગદાન વિષે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




શ્રોતાઓને અંગદાન વિષે સમજૂતી આપતા ડો. જીગર શ્રીમાળી



શેઠ આર. એ ભવન્સ કોલેજ, અમદાવાદ

### ભાવનગર

આ વિશેષ દિવસે ભાવનગર શહેરમાં ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને ઈંડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર શાખા દ્વારા સવારે ૧૦કલાકે શાંતિલાલ શાહ હાઈસ્કૂલ ખાતેથી અંગદાન જાગૃતિ રેલી યોજાઇ હતી જેનું પ્રસ્થાન જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ચંદ્રમણી સાહેબે કરાવ્યું હતું.

સવારે ૧૧:૩૦ કલાકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સિદસર ખાતે અંગદાન જાગૃતિ વ્યાખ્યાનનું આયોજન થયું હતું.

સાંજે ૫ થી ૬:૩૦ દરમિયાન જોગર્સ પાર્ક, આતાભાઈ ચોક ભાવનગર અને ઘોઘાગેટ ભાવનગર ખાતે અંગદાન, ચક્ષુદાન, દેહદાન માટેના સંકલ્પપત્રો ભરીને કેડેવરિક અંગદાન જાગૃતિ પત્રિકાનું વિતરણ કરીને આ વિષય પર જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



DIET, ભાવનગર ખાતે અંગદાન જાગૃતિ કાર્યક્રમ



અંગદાન સંકલ્પ પત્રો ભરાવતા સ્વયંસેવકો



અંગદાન જાગૃતિ રેલી

ઉપરોક્ત ત્રણેય કાર્યક્રમોમાં સંસ્થાની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી સુમિતભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા

૧૫ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ બરોડા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (BIMS) ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમ્યાન ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વિશ્વ અંગદાન દિવસની ઉજવણીના અનુસંધાનમાં કેડેવર અંગદાન વિષે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધાર્મિક-સામાજિક સંસ્થાઓ માંથી પધારેલા મહાનુભાવો, શિક્ષકો, BIMSના ટ્રસ્ટીશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને સર્વેએ અંગદાનનો સંકલ્પ કર્યો હતો.



સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમિયાન શ્રોતાઓને અંગદાન વિષે જાગૃત કરવામાં આવ્યા

## સુરત

સંસ્થાના સુરત ચેપ્ટર દ્વારા આ દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ઓફ સોશિયલ વર્ક (એમ.એસ.ડબલ્યુ) અને સમાજશાસ્ત્ર વિભાગના સહયોગથી પ્રિવેન્શન ઓફ કિડની ડિસીઝ અને કેડેવરિક અંગદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમ.એસ.ડબલ્યુ અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રીઓ, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા અને મુખ્ય વક્તા તરીકે શહેરના જાણીતા નેફ્રોલોજીસ્ટ ડો. દીપક તમાકુવાલા ઉપસ્થિત રહ્યા હતા. ડો. તમાકુવાલાએ ખૂબ જ સરળ ભાષામાં કિડની અને કેડેવર અંગદાન વિશે વિગતવાર માહિતી આપી હતી.







અંગદાન જાગૃતિ કાર્યક્રમ, સુરત

## મહેસાણા

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન મહેસાણા દ્વારા જોઇતિબા કોલેજ ઓફ નર્સિંગ, ભાંડુના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો માટે કેડેવરિક અંગદાન જાગૃતિ કાર્યકમ યોજાયો હતો. ડૉ. નીલ પટેલ (નેફ્રોલોજીસ્ટ) આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને નર્સિંગના વિદ્યાર્થીઓને કેડેવરિક ઓર્ગન ડોનેશન અને કિડની ટ્રાન્સપ્લાન્ટ વિશે PPT દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી અને સમાજમાં આ વિષે જાગૃતિ લાવવામાં માટે પોતાનું યોગદાન આપવા માટેની અપીલ કરી હતી.



### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પટેલ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ



## રાજકોટ




અંગદાન જાગૃતિ કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય શ્રીમતી દર્શિતાબેન શાહ તેમજ અગ્રણી લોકો

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને ૯૪.૩ રેડીયો રાજકોટ દ્વારા અંગદાન દિવસે અંગદાનને પ્રોત્સાહીત કરવા માટે જાગૃતિ નાટકનું આયોજન લોકવિજ્ઞાન કેન્દ્ર, રેસકોર્સ સર્કલ, રાજકોટ ખાતે કરાયું હતું.આ વિષેશ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શ્રીમતી દર્શિતાબેન શાહ, રેડિયો રાજકોટના ડિરેક્ટર શ્રી સંજય મહેતા, બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયેશભાઈ ઉપાધ્યાય,ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ શ્રી મિત્તલ ખેતાણી અને શ્રી ડેનિસભાઈ આડેસરા, લોકવિજ્ઞાન કેન્દ્રના અધ્યક્ષ ડો. રમેશભાઈ ભાયાણી ઉપસ્થિત રહયા હતા. ૯૪.૩ રેડીયો રાજકોટના RJ ચાંદની, RJ પ્રિયંક અને RJ દેવ્યાની તમામ લોકોએ વિશ્વ અંગદાન દિવસ વિશે પોતાનું માર્ગદર્શન આપીને રેડિયો અને નાટકના માધ્યમથી અંગદાનનો સંદેશ લોકો સુધી પહોંચાડ્યો હતો.

રાજકોટ શહેરમાં અન્ય એક અંગદાન જાગૃતિ રેલીનું આયોજન કામદાર નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓના સહીયોગથી શહેરના નાગરિક બેંક ચોકથી ત્રિકોણબાગ સુધી કરવામાં આવ્યુ હતું જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્લેકાર્ડના માધ્યમથી અંગદાન વિષે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.




અંગદાન જાગૃતિ રેલી, રાજકોટ

પ્રેરણા
પુનઃર્વસન કાર્યક્રમ

**"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"**

## સુરત

તારીખ ૧૪ જુલાઈ ૨૦૨૪, રવિવારના રોજ સંસ્થા દ્વારા જી.આર મ્યૂઝિકલ કલબના સહયોગથી 'પ્રેરણા' બેનર અંતર્ગત મ્યુઝિકલ કાર્યક્રમનું આયોજન થયું હતું. જી.આર મ્યૂઝિકલ કલબના સંચાલક શ્રી જ્યોર્જ મેકવાન અને ગ્રુપના અન્ય સેવાભાવી સભ્યોએ જૂના–નવા ફિલ્મી ગીતો ગાઈને પ્રેરણા સભ્યોને ખૂબ જ આનંદ કરાવ્યો હતો. આ કાર્યક્રમ માટે સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સુરત દ્વારા વિના મૂલ્યે હૉલ અને શ્રી આશાપુરા ટ્રસ્ટ દ્વારા પ્રેરણા સભ્યો માટે જમવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી તે માટે બંને સંસ્થાઓનો ખૂબ ખૂબ આભાર.




પ્રેરણા કાર્યક્રમ, સુરત

## વડોદરા




પ્રેરણા સભ્યોને સંબોધતા ડો. કમલેશ પરીખ

તારીખ ૪ ઓગષ્ટ ૨૦૨૪ ના રોજ વડોદરાની PM Regency હોટેલ ખાતે "Awareness on Kidney Transplant" વિષય પર પ્રેરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સિનિયર નેફ્રોલોજીસ્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન ડૉ. કમલેશ પરીખ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉ કમલેશભાઈએ કિડની ટ્રાન્સપ્લાન્ટ અંગે PPT દ્વારા સુંદર રજૂઆત કરી હતી દર્દીમિત્રોએ કિડની ટ્રાન્સપ્લાન્ટ અંગે રહેલી માન્યતાઓ – ગેરમાન્યતાઓ તેમજ ટ્રાન્સપ્લાન્ટ અંગે પોતાના મનમાં રહેલી મુંજવણો અંગે સવાલો પૂછ્યા હતા. આ કાર્યક્રમમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ બે પ્રેરણા મિત્રો પણ હાજર રહ્યા હતા અને તેમણે પોતાના અનુભવો રજૂ કર્યા તેમજ હાજર રહેલા પ્રેરણા સભ્યોને ટ્રાન્સપ્લાન્ટ કારવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ માટે RPG લાઈફ સાયન્સ કંપની તરફથી રૂ.૯,૮૦૦/– નું દાન પ્રાપ્ત થયું હતું.

## કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે આયોજીત મ્યુઝિકલ કાર્યક્રમ

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે વડોદરા સલાહકાર સમિતિના સભ્ય શ્રી રોહિતભાઈ પરીખનો તારીખ ૧૩ સપ્ટેમ્બરના રોજ ૭૧ મો જન્મદિવસ હતો. આ દિવસે શ્રી રોહિતભાઈએ કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક સહાય મળે તે હેતુથી ૭૧ મ્યુઝિકલ કાર્યક્રમ કરીને ફંડ ઊભુ કરવાનો શુભ સંકલ્પ કરેલ છે. જે સંસ્થા માટે ગૌરવની વાત છે.

આ અંતર્ગત તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ વાસ્વિક હોલ, વડોદરા ખાતે સ્ટેજ એન્ટ્રી મ્યુઝિકલ ગ્રુપના સહયોગથી ચેરિટિ મ્યુઝિકલ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૦૦ જેટલા લોકોએ હાજરી આપીને ખુબ જ આનંદ માણ્યો હતો આ કાર્યક્રમ થકી રૂ. ૧,૫૦,૦૦૦/– જેટલું દાન સંસ્થાને પ્રાપ્ત થયું છે.

આ મ્યુઝિકલ કાર્યક્રમને યાદગાર બનાવવા બદલ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સ્ટેજ એન્ટ્રી મ્યુઝિકલ ગ્રુપના આયોજક શ્રી મુકેશભાઈ જોશી અને શ્રી રાજેશભાઈ પંડ્યા તથા શ્રી રોહિતભાઈ પરીખ તેમજ ફિલ્મી ગીતોની ધૂમ મચાવનારા ગ્રુપના સૌ સેવાભાવી સભ્યો અને કલાકારોનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ પ્રસંગે વડોદરા સલાહકાર સમિતિના સભ્ય શ્રી યોગેશભાઈ વેલાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રોતાઓને સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃતિઓ વિષે માહિતગાર કરીને સૌનો આભાર માન્યો હતો.






## મ્યુઝિકલ કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપનાર દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રીમતી જ્યોતિ અમૃતલાલ ભટ્ટ | રૂ. ૧૦,૦૦૦ |
| શ્રીમતી સુમિત્રાબેન શેઠ | રૂ. ૧૦,૦૦૦ |
| શ્રી કિરણભાઈ નવનીતલાલ શાહ | રૂ. ૧૦,૦૦૦ |
| શ્રી ઉમેશ રમણભાઈ પરીખ | રૂ. ૫,૦૦૧ |
| શ્રીમતી હસુ સતીશ મ્હાત્રે | રૂ. ૫,૦૦૦ |
| શ્રી ગિરીશ પંચોલી | રૂ. ૫,૦૦૦ |
| શ્રી જનક પુરુષોત્તમ પરીખ | રૂ. ૫,૦૦૦ |
| શ્રી શિરીષ એચ. પંડ્યા | રૂ. ૫,૦૦૦ |
| શ્રીમતી વનિતાબેન રશ્મિકાંત શાહ | રૂ. ૫,૦૦૦ |
| શ્રી જગદીશચંદ્ર ચીમનલાલ દેસાઈ | રૂ. ૫,૦૦૦ |
| શ્રીમતી અનસુયાબેન શાહ | રૂ. ૩,૦૦૦ |
| શ્રી હિતેશ નટવરલાલ કાપડિયા | રૂ. ૩,૦૦૦ |
| શ્રી શાહ નીતિન ગોવિંદલાલ | રૂ. ૩,૦૦૦ |
| શ્રી વિપો વૈષ્ણવ વૃંદહરણી વારાસિયા રીંગ રોડ ઝોન | રૂ. ૩,૦૦૦ |
| શ્રીમતી રાજેશ્વરીબેન એમ. શેઠ | રૂ. ૩,૦૦૦ |
| શ્રી મહેન્દ્ર શાહ | રૂ. ૩,૦૦૦ |
| શ્રી અશોક ઓચ્છવલાલ શાહ | રૂ. ૨,૫૦૧ |
| શ્રી મુકેશ જેઠાલાલ શાહ | રૂ. ૨,૫૦૧ |
| શ્રી અરુણ પંચોલી | રૂ. ૨,૫૦૧ |
| શ્રીમતી વિસ્પા જીગર શાહ | રૂ. ૨,૫૦૦ |
| શ્રીમતી નૂતન પાઠક | રૂ. ૨,૦૦૧ |
| શ્રીમતી નિહારિકા મજમુદાર | રૂ. ૨,૦૦૦ |
| શ્રીમતી ભાવનાબેન પી. ભાવસાર | રૂ. ૨,૦૦૦ |
| શ્રી ઉપેન્દ્ર ચંદુલાલ શાહ | રૂ. ૨,૦૦૦ |
| શ્રી પી. શ્યામા રાજા શર્મા | રૂ. ૨,૦૦૦ |
| શ્રીમતી અસ્મિતાબેન પુરોહિત | રૂ. ૧,૫૦૧ |
| શ્રીમતી બીના કમલેશ ઠાકર | રૂ. ૧,૫૦૦ |
| શ્રીમતી જયશ્રી મનોજભાઈ ઠાકોર | રૂ. ૧,૫૦૦ |
| શ્રીમતી સુરેખા એસ. દયાલ | રૂ. ૧,૫૦૦ |
| શ્રી અભય મધુકર ગડકરી | રૂ. ૧,૫૦૦ |
| શ્રી જગદીશભાઈ એચ પરમાર | રૂ. ૧,૧૧૧ |

| | |
|---|---|
| શ્રી મનોહરભાઈ લાલવાણી | રૂ. ૧,૧૧૧ |
| શ્રીમતી મધુબેન અશ્વિનભાઈ ચોટાણી | રૂ. ૧,૧૦૦ |
| શ્રીમતી કલ્પના અજય પાઠક | રૂ. ૧,૦૦૧ |
| શ્રી તુષારભાઈ એસ. જયસ્વાલ | રૂ. ૧,૦૦૧ |
| શ્રી નયન ગિરીશભાઈ પરીખ | રૂ. ૧,૦૦૧ |
| શ્રી નીતિન બી. બક્ષી | રૂ. ૧,૦૦૧ |
| શ્રી વિહંગ શાહ | રૂ. ૧,૦૦૧ |
| શ્રીમતી વિલાસબેન એમ. મહેતા | રૂ. ૧,૦૦૧ |
| શ્રીમતી અર્ચના નીતિન બક્ષી | રૂ. ૧,૦૦૧ |
| શ્રી અરુણકુમાર એન. જોશી | રૂ. ૧,૦૦૦ |
| શ્રી સરદારમલ લોઢા | રૂ. ૧,૦૦૦ |
| શ્રી કનૈયાલાલ ડાહ્યાલાલ માધવાણી | રૂ. ૧,૦૦૦ |
| શ્રી રાજુ એમ. પટેલ | રૂ. ૧,૦૦૦ |
| શ્રીમતી જશોદાબેન ડી. ભટ્ટ | રૂ. ૧,૦૦૦ |
| શ્રીમતી નિમિષા ઠાકર | રૂ. ૧,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રપ્રસાદ બક્ષી | રૂ. ૧,૦૦૦ |
| શ્રીમતી રન્ના એમડીસાઈ | રૂ. ૧,૦૦૦ |
| સિનિયર સિટીઝન કલબ– 60 | રૂ. ૧,૦૦૦ |
| શ્રી ઈન્દ્રવદન આત્મારામ ભાવસાર | રૂ. ૧,૦૦૦ |
| શ્રી શૈલેષ અમીન | રૂ. ૧,૦૦૦ |
| શ્રી ડો. ભરત શાહ | રૂ. ૧,૦૦૦ |
| વરિષ્ઠ નાગરિક સંઘ, હરણી – કારેલીબાગ | રૂ. ૧,૦૦૦ |
| શ્રી શાંતિભાઈ શાહ | રૂ. ૧,૦૦૦ |
| શ્રીમતી રિદ્ધિ જે. ઉપાધ્યાય | રૂ. ૧,૦૦૦ |
| શ્રી નરેન્દ્ર અમરતલાલ મહેતા | રૂ. ૫૦૧ |
| શ્રીમતી માલતી શાહ | રૂ. ૫૦૧ |
| શ્રીમતી સ્વાતિબેન ઓક | રૂ. ૫૦૧ |
| શ્રી અતુલકુમાર ત્રિવેદી | રૂ. ૫૦૦ |
| શ્રી અતુલકુમાર ત્રિવેદી | રૂ. ૫૦૦ |
| શ્રી અલ્કેશ દેસાઈ | રૂ. ૫૦૦ |
| શ્રીમતી લતાબેન કાલેલકર | રૂ. ૨૦૦ |

# આ ત્રિમાસિક સમયમાં મળેલ દાનની વિગતો

| મુખ્ય દાતાશ્રીઓ | |
|---|---|
| શિલ્પ ગ્રેવર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/- |
| શ્રી કૌશિક ડી. શાહ, રાજકોટ | રૂ. ૨૧,૦૦૦/- |
| શ્રી રામેન્દ્રભાઈ જે. પરીખ, અમદાવાદ | રૂ. ૧૫,૦૦૦/- |
| શ્રી સુનિલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૧૫,૦૦૦/- |
| શ્રી પ્રકાશભાઈ જલગાંવકર, અમદાવાદ | રૂ. ૩,૦૦૦/- |

## Save a life કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/- |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/- |
| ચિત્રાબેન અંબાલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા | રૂ. ૧૧,૦૦૦/- |

## ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૫. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૬. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૭. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.


iRf

**ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન**

B-૨૦૪, શપથ- ૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪

વડોદરા: ૯૨૨૭૧-૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯-૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨-૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧-૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧-૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧-૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯-૧૯૬૬૭

E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation | Irfindia | Indiarenalfoundation3521


All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G